# નવસારી વોટરવર્ક્સમાં હડતાળથી પાણી નહીં મળે

**600** સફાઇ કર્મચારી હડતાળ પર હોવાથી કચરો પણ નહીં ઉપાડાય

નવસારીઃ વર્ષો સુધી સેવા આપવા છતાં નોકરીની કાયમી સુરક્ષા અને યોગ્ય વેતનથી વંચિત હોવાની લાગણી સાથે નવસારી મહાનગરપાલિકાના અંદાજે 600 સફાઈ કર્મચારીઓએ હવે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. પોતાની પડતર માંગણીઓનો ઉકેલ લાવવા કર્મચારીઓ આજ સવારથી અચોક્કસ મુદતની હડતાળ પર ઊતરી આવ્યા છે.

મનપા કચેરીના પરિસરમાં મોટી સંખ્યામાં એકત્ર થયેલા કર્મચારીઓએ સૂત્રોચ્ચાર કરીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. કર્મચારીઓની મુખ્ય માંગણી લાંબા સમયથી ફરજ બજાવતા વર્ગ-3 અને વર્ગ-4ના કર્મચારીઓને કાયમી કરવાનો, લઘુતમ વેતનના ધોરણે યોગ્ય પગાર આપવાનો અને મળવાપાત્ર સેવાકીય લાભો સુનિશ્ચિત કરવાનો છે. કર્મચારીઓના આગેવાનોનો આક્ષેપ છે કે વર્ષોથી સેવા આપતા કામદારોની સમસ્યાઓ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. ઓછી મજૂરીમાં લાંબા સમયથી કામ કરતાં કર્મચારીઓ હવે માત્ર આશ્વાસનોથી સંતોષ માનવા તૈયાર નથી અને માંગણીઓનો લેખિતમાં સ્વીકાર થાય ત્યાં સુધી કામ પર પાછા નહીં ફરવાની ચીમકી આપી છે.



## કચરાના નિકાલની સમસ્યા ગંભીર બનશે

આ હડતાળથી મહાનગરપાલિકાની સફાઈ વ્યવસ્થાને અસર થવાની શક્યતા ઊભી થઈ છે. ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરવાની કામગીરીથી લઈને જાહેર માર્ગોની નિયમિત સફાઈ સુધીની સેવાઓ ખોરવાય તો શહેરમાં કચરાના નિકાલની સમસ્યા ગંભીર બની શકે છે. એક તરફ કર્મચારીઓ પોતાના હક્કો માટે લડત આપી રહ્યા છે, તો બીજી તરફ નાગરિકોને સ્વચ્છતા સંબંધિત મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. હવે મહાનગરપાલિકાના સત્તાધીશો અને વહીવટી તંત્ર કર્મચારીઓની માંગણીઓ અંગે શું વલણ અપનાવે છે તે મહત્ત્વનું બન્યું છે.

## મનપા બન્યા પછી પગાર અને ભથ્થા વધ્યા નથી

કોર્પોરેશન બન્યા બાદ કર્મીઓના પગાર અને ભથ્થામાં વધારો ન થતા તેઓ નારાજ છે. મનપાના મહત્વના વિભાગોમાં કર્મચારીઓની હડતાળને કારણે અનેક કામ ખોરંભે ચડ્યા છે. વોટર વર્ક્સ વિભાગના અંદાજે 70 કર્મચારીઓ હડતાળ પર ઉતરતા પાણીનો પુરવઠો બંધ થઈ ગયો છે. આ ઉપરાંત, 300થી વધુ સફાઈકર્મીઓ પણ હડતાળમાં જોડાતા સફાઈનો મોટો પ્રશ્ન ઊભો થયો છે.

## નવસારીમાં પીવાના પાણીનો ઉપયોગ

શહેરમાં પીવાના પાણી માટે મુખ્યત્વે કાકરાપાર ડેમ/કેનાલમાંથી મેળવેલા પાણીનો ઉપયોગ થાય છે, જેને દૂધિયા તળાવ (૩૨ MLD ક્ષમતા) અને દેસાઈ તળાવ (૧૦ MLD ક્ષમતા) જેવા જળાશયો અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (WTP) દ્વારા શુદ્ધ કરીને સાડા ત્રણ લાખથી વધુની વસ્તી સુધી પહોંચાડવામાં આવે છે

## આ વિભાગના કર્મચારીઓ હડતાળ પર

- વોટર વર્ક્સ
- માઇનોર સેનેટરી
- દબાણ
- ફાયર વિભાગ

નવસારી શહેરમાંથી દૈનિક આશરે ૧૦૧ મેટ્રિક ટન (MT) મ્યુનિસિપલ ઘન કચરો નીકળે છે.

દૈનિક કચરાનું પ્રમાણ: ૧૦૧.૦૩ મેટ્રિક ટન (દરરોજ)

# નહીં તો 18% પેનલ્ટી સાથે પાણી-ડ્રેનેજ જોડાણ કપાશે

**મિલકત** વેરો ભરવા નવસારી મનપાનું 31મી ઓક્ટોબર સુધીનું અલ્ટિમેટમ



નવસારીઃ નવસારી મહાનગરપાલિકાના બાકી વેરા ભરવામાં બેદરકારી દાખવતા મિલકતધારકો માટે હવે મુશ્કેલી વધી શકે છે. મનપાના વેરા વિભાગે શહેરના તમામ રહેણાક અને કોમર્શિયલ મિલકતધારકોને બાકી વેરાની રકમ સમયમર્યાદામાં ભરપાઈ કરવા અંતિમ અપીલ કરી છે. મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે મિલકત વેરા સહિતના બાકી વેરાની ચુકવણી 31 ઓક્ટોબર, 2026 સુધીમાં કરી દેવાની રહેશે. આ સમયમર્યાદા ચૂકી જનાર બાકીદારો પાસેથી 1 નવેમ્બર, 2026થી બાકી રકમ પર 18 ટકા પેનલ્ટી વસૂલવામાં આવશે. એટલું જ નહીં, નિયત મુદત પૂર્ણ થયા બાદ પણ વેરો નહીં ભરનાર સામે કડક પગલાં લેવાની તૈયારી મનપા તંત્રએ દર્શાવી છે. આવા બાકીદારોનાં પાણી અને ડ્રેનેજ કનેક્શન કાપી નાખવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી શકે છે. શહેરમાં વિકાસકાર્યો, સ્વચ્છતા, પાણી પુરવઠો અને અન્ય પ્રાથમિક સુવિધાઓ જાળવવા માટે વેરાની આવક મહત્ત્વપૂર્ણ હોવાથી નાગરિકો પોતાની જવાબદારી નિભાવે તેવી અપીલ કરવામાં આવી છે.

# ઉનાઈ નવરાત્રિ મહોત્સવમાં સાઉન્ડ સિસ્ટમનો ફિયાસ્કો

**સરકારી** ફંડના ઉપયોગ સામે સવાલો



નિલેશ કાપડિયા

વાંસદાઃ વાંસદાના ઉનાઈ ગામે ઉનાઈ માતાજી મંદિર ટ્રસ્ટના પાર્કિંગ પરિસરમાં સરકાર દ્વારા આયોજિત નવરાત્રિ ગરબા મહોત્સવમાં સાઉન્ડ સિસ્ટમની નબળી વ્યવસ્થાને લઈને ફરિયાદો ઊઠી છે. નવરાત્રિ મહોત્સવ માટે સરકારી નાણાંની ફાળવણી કરવામાં આવી હોવા છતાં સાઉન્ડ વ્યવસ્થા સામે સવાલો ઊભા થતાં ખર્ચની પારદર્શિતા અંગે ચર્ચા શરૂ થઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ઉનાઈ, અંબાજી, મોઢેરા, બહુચરાજી અને ઊંઝા સહિત રાજ્યનાં પાંચ પવિત્ર યાત્રાધામોમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી માટે સરકાર દ્વારા અંદાજિત રૂ. 2.90 કરોડની ફાળવણી કરવામાં આવી હોવાની માહિતી સામે આવી છે. ત્યારે ઉનાઈ ખાતે યોજાઈ રહેલા ગરબા મહોત્સવમાં સાઉન્ડ સિસ્ટમ, મંડપ, ડેકોરેશન અને કલાકારો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, તેની વિગતો જાહેર કરવાની માંગ ઊઠી છે. આ અંગે ઉનાઈ માતાજી મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ તેમજ વાંસદાના પ્રાંત અધિકારીનો સંપર્ક કરતાં તેમણે સાઉન્ડ વ્યવસ્થા ચકાસાવી સમસ્યાનું નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી. સરકારી આયોજન હેઠળ યોજાતા આવા મહોત્સવોમાં ભક્તો અને ગરબા રમવા આવતા લોકો માટે યોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જરૂરી છે. ત્યારે મહોત્સવના આયોજન પાછળ થયેલા ખર્ચ, કોન્ટ્રાક્ટ, બિલો અને અન્ય ખર્ચની વિગતો જાહેર કરી સાઉન્ડ સિસ્ટમ અંગે ઊઠેલી ફરિયાદોની તપાસ કરવામાં આવે તેવી માંગ ઊઠી છે.

## એરૂ જમીન કૌભાંડમાં મુકેશ મેંદપરા જેલમાં ધકેલાયો

નવસારીઃ એરૂ ગામે મૃતક ચીમનલાલ દેસાઈની કરોડો રૂપિયાની જમીન બોગસ પાવર ઓફ એટર્ની બનાવી પચાવી પાડવાના ચકચારી પ્રકરણમાં સુરતના મુકેશ મેંદપરાના ચાર દિવસના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં પોલીસે તેને ફરી કોર્ટમાં રજૂ કર્યો હતો. વધુ રિમાન્ડની માંગણી ન થતાં કોર્ટે આરોપીને જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ જેલમાં મોકલવાનો હુકમ કર્યો છે. રિમાન્ડ દરમિયાન પોલીસે કથિત ગુનાહિત ષડયંત્ર, બોગસ દસ્તાવેજો અને નાણાકીય લેવડદેવડ અંગે મહત્ત્વની કડીઓ મેળવી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ કેસમાં સુરતના બિલ્ડર મહેશ સાંગાણી સહિતના અન્ય આરોપીઓ હજુ પોલીસ પકડથી દૂર છે. આ પ્રકરણમાં ફરાર આરોપીઓ ક્યારે ઝડપાશે અને તપાસમાં વધુ કઈ કડીઓ બહાર આવશે તે જોવું મહત્ત્વનું રહેશે.

## ચીખલી APMCની જમીન પરની ગેરકાયદે દુકાન ખાલી કરવા નોટિસ

ખેરગામઃ ચીખલી તાલુકા સહકારી રૂપાંતર અને વેચાણ કરનારી મંડળી દ્વારા ખેરગામ સબ યાર્ડ માર્કેટ ખાતે ગેરકાયદે દબાણ કરનારી વ્યક્તિ સામે કડક વલણ લેવામાં આવ્યાં છે. મંડળીએ રામશબીલા ફોજદાર કુશવાહ નામના આસામીને નોટિસ પાઠવીને તેમની ગેરકાયદે રીતે બનાવેલી દુકાન તાત્કાલિક ખાલી કરવા માટે સૂચના આપી છે. ચીખલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા ખેરગામ સબ યાર્ડ માર્કેટ ખાતેની ૧૦૦૦ ચોરસ મીટરની જમીન ૯૯ વર્ષના ભાડા કરાર આધારિત ભાડા પટ્ટાથી મંડળીને આપવામાં આવેલી છે. હાલમાં આ જમીનની માપણી કરતી વખતે એ વાત સામે આવી હતી કે, મંડળીની મંજૂરી કે પરવાનગી વગર જ આ જમીન પર એક કાચી દુકાન ઊભી કરી દેવામાં આવી છે.

# 'ઉપરથી જ રોજ લાઈટ બંધ કરાય છે, અમારો શું વાંક?'

**સાપુતારા** સહિતના વિસ્તારોમાં રોજ રાત્રે વીજળી ગુલ થતાં પ્રજા પરેશાન, જવાબદારોના ઉડાવ જવાબ

સાપુતારાઃ સાપુતારા તેમજ તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL)ની અણઘડ અને લાલીયાવાડી જેવી કામગીરીને કારણે સ્થાનિક રહીશો અને ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ વિસ્તારમાં રોજેરોજ સાંજના અને રાત્રિના સમયે કોઈ પણ જાતની પૂર્વ જાણ વગર અચાનક વીજળી ગુલ થઈ જવાની સમસ્યા રોજીંદી બની ગઈ છે, જેના કારણે અંધારપટ છવાઈ જતાં લોકો ભારે હેરાન-પરેશાન થઈ ઊઠ્યા છે.

સ્થાનિક નાગરિકો દ્વારા જ્યારે આ સમસ્યા અંગે સાપુતારા જી.ઈ.બી.ના ઓફિશિયલ કમ્પ્લેન નંબર પર ફોન કરીને રજૂઆત કરવામાં આવે છે, ત્યારે કર્મચારીઓ પોતાની જવાબદારીમાંથી છટકીને એવો જવાબ આપે છે કે 'ઉપરથી જ રોજેરોજ લાઈટ બંધ કરવામાં આવે છે, એમાં અમારો શું વાંક?' તંત્રના આવા બેજવાબદાર અને ઉદ્ધત જવાબોથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અત્રે નોંધનીય છે કે દક્ષિણ ગુજરાત વીજ કંપની સાપુતારા જેવા મહત્ત્વના વિસ્તારમાં સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ સેવા પૂરી પાડવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નિવડી છે. એક તરફ વીજ સેવા પૂરી પાડવામાં તંત્ર સાવ ખોરવાઈ ગયું છે, તો બીજી તરફ ગ્રાહકો પાસેથી સમયસર લાઈટ બિલ ઉઘરાવવામાં DGVCL મોખરે રહે છે.

# ગણદેવી સુગરમાં બોઇલર પ્રજ્વલન 9 લાખ ટન શેરડી પીલાણનો લક્ષ્યાંક

**અંદાજિત** ૩૦ હજાર એકર વિસ્તારમાં શેરડીનો ઊભો મોલ લણણી માટે તૈયાર



કેરસી બારીયા

બીલીમોરાઃ ગણદેવી સુગર ફેક્ટરીમાં નવરાત્રિ પર્વે સોમવારે સવારે યજ્ઞ પૂજા બાદ બોઇલર પ્રજ્વલનનો વિધિવત રીતે પ્રારંભ કરાયો હતો. ઉઘડતી નવી સિઝનમાં અંદાજિત ૯ લાખ ટન શેરડી પીલાણનો લક્ષ્યાંક પાર પાડવા આખરી ઓપ અપાયો છે.

ગણદેવી સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ સંચાલિત સુગર ફેક્ટરીમાં નવરાત્રિ પર્વે સોમવાર સવારે વિધિવત પૂજા અર્ચના કરાઈ હતી. વર્ક્સ મેનેજર ગજેન્દ્રસિંહ રાજપૂત દંપતિએ પૂજા કરી હતી. ગણદેવી સુગરના પ્રમુખ અમિતભાઇ પટેલ, ઉપપ્રમુખ અલ્પેશ દેસાઈ, રાજાભાઈ પટેલ, સમીર પટેલ, રણજીત પટેલ, ગોપાળ ગોહિલ, અરુણ પટેલ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, ઓએસ મુકેશ પટેલ, કર્મચારીગણ સહિત અગ્રણીઓની ઉપસ્થિતિમાં પવિત્ર યજ્ઞ અગ્નિથી તમામ પાંચ બોઇલર પ્રજ્વલિત કરાયા હતા. નવી ઉઘડતી સિઝન માટેની તૈયારી પૂર્ણ થઈ હતી. સુગર ફેડરેશન સાથે વાટાઘાટ સાથે ટૂંક સમયમાં શેરડી કટિંગની કામગીરી હાથ ધરાશે. ઉઘડતી સિઝનમાં ખેડૂતોએ અંદાજિત ૩૦ હજાર એકર વિસ્તારમાં લામ સહિત નવું વાવેતર કર્યું હતું. નવી પિલાણ સીઝનમાં રોજિંદા ૬ હજાર ટન સાથે સિઝનમાં ૯ લાખ ટન શેરડી પીલાણનો લક્ષ્યાંક પાર પાડવામાં આવશે.

# વાપી હરિયા હોસ્પિટલના ટાઈલેટ પાસેથી નવજાત મળ્યું

**પોલીસે** હોસ્પિટલના સીસીટીવી ફૂટેજની તપાસ હાથ ધરી



વાપીઃ વાપી હરિયા હોસ્પિટલના જનરલ ટોયલેટ પાસે સોમવારે એક ત્યજી દેવાયેલું નવજાત શિશુ મળી આવ્યું હતું. હરિયા હોસ્પિટલ દ્વારા વાપી જીઆઈડીસી પોલીસ સ્ટેશનને જાણ કરાતાં પોલીસે નવજાત શિશુના વાલી વારસને શોધવા તપાસ હાથ ધરી છે. નવજાત શિશુ હાલ વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે.

વાપી હરિયા હોસ્પિટલમાં સોમવારે બપોરે હોસ્પિટલના જનરલ ટોઇલેટ પાસે કાળા રંગની પ્લાસ્ટિકની થેલીમાં ત્યજી દીધેલા નવજાતનો અવાજ દર્દીના સગાને સંભળાતા નજીક જઈને ચકાસણી કરતાં નવજાત શિશુ ત્યજી દેવાયેલી હાલતમાં મળી આવ્યુ હતું. જેને લઈ હરિયા હોસ્પિટલની ટીમે વાપી જીઆઈડીસી પોલીસ સ્ટેશનને જાણ કરી હતી.પોલીસની ટીમે આ કૃત્ય કરનારની શોધખોળ હાથ ધરી હતી. આ અંગે પૂછતાં વાપી હરિયા હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો.એસ.એસ.સિંગે જણાવ્યું હતું કે નવજાત શિશુ અંગે વાપી જીઆઈડીસી પોલીસને જાણ કરવામાં આવી છે. પોલીસની ટીમ સ્થળ હોસ્પિટલમાં પહોંચી સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરવામાં આવી છે.

## નીલોસી આચાર્ય આપઘાત કેસઃ આજે જિલ્લાભરના શિક્ષકોની મૌન રેલી

વલસાડઃ નીલોસી આચાર્ય આપઘાત પ્રકરણમાં મંગળવારે જિલ્લાભરના શિક્ષકોની મૌન રેલી અને કલેકટરને આવેદન પત્ર અપાશે. નીલોસી શાળાના આચાર્ય સ્વ. શંકરભાઈ જાદવ એ ઓન લાઇન કામગીરીથી માનસિક રીતે વ્યથિત થઈ આપઘાત કરી લેતાં રાજ્યભરમાં તેના પડઘા પડ્યા હતા. જિલ્લા અને તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આવેદનપત્ર અપાયા હતા. ત્યારે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા જિલ્લા, તાલુકા 13 ઓક્ટોબરના રોજ સાંજે 4 થી 5.30 કલાક દરમિયાન જિલ્લા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના હોદેદારો, શિક્ષકો હાલર તળાવથી સર્કિટ હાઉસ થઈ જિલ્લા કલેક્ટર કચેરી, વલસાડ સુધી મૌન રેલી યોજાશે, તેમ જયવદન એસ. પટેલ, મહામંત્રી, વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘએ જણાવ્યું હતું.

# નવસારીમાં કોંગ્રેસ કાર્યાલય બહાર ભાજપ મહિલા મોરચાનું વિરોધ પ્રદર્શન



નવસારીઃ નવસારી જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા સોમવારે કોંગ્રેસ કાર્યાલય બહાર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. JNUના પ્રોફેસર અને કોંગ્રેસના સાંસદ એંગોમચા બિમોલ આકોઈજામ સામે જાતીય સતામણીના આક્ષેપો તથા કોંગ્રેસ દ્વારા તેમને કથિત સમર્થન આપવાના વિરોધમાં આ પ્રદર્શન યોજાયું હોવાનું ભાજપ મહિલા મોરચાએ જણાવ્યું હતું. જિલ્લા ભાજપ મહિલા મોરચાનાં અધ્યક્ષ સુમિત્રાબેન પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા પ્રદર્શનમાં મોટી સંખ્યામાં મહિલા કાર્યકર્તાઓ જોડાઈ હતી. આ કાર્યક્રમમાં મહામંત્રી રોશનીબેન પટેલ, નીતિક્ષાબેન, પ્રદેશ કારોબારી સભ્ય શીતલબેન સોની, જીગ્નાશાબેન પારેખ, ડેપ્યુટી મેયર કેયુરીબેન દેસાઈ, શહેર મહિલા મોરચાનાં પ્રમુખ તન્વીબેન પંચાલ સહિત મહિલા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.


આપ સર્વેને નવરાત્રીની શુભકામના

બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ

નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ

મજુરી 5.9%*

R.A. Parikh Jewellers NX

નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.

ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

*શરતો લાગુ


## સંક્ષિપ્ત સમાચાર

### ધરમપુરના લાકડમાળમાં વીજ કરંટ લાગતાં યુવકનું મોત

ધરમપુરઃ નાનાપોંઢા તાલુકાના કુંડા ગામના નિશાળ ફળિયામાં રહેતા જયદીપ ધનસુખભાઈ રડિયા (ઉં.વ.18) સોમવારે બપોરે આશરે 2:45 વાગ્યે લાકડમાળ ગામે હિમાંશુભાઈ સુરેશભાઈ પટેલની નવી બની રહેલી દુકાનના શેડ પર વેલ્ડિંગનું કામ કરી રહ્યા હતા. આ દરમિયાન વીજ થાંભલા પરના વીજતારનો સંપર્ક થતાં તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો જે નીચે પટકાતા કરંટ લાગવાથી ગંભીર અસર થતાં સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત નીપજ્યું હતું. ધરમપુર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### પારડીના ભેંસલાપાડામાંથી 4 જુગારી ઝડપાયા, 2 ફરાર

પારડીઃ પારડી પોલીસે ભેંસલાપાડા ખાતે સાઈ મંદિર નજીક જાહેર માર્ગની બાજુમાં ચાલતા જુગાર પર દરોડો પાડી ડેનિશ દોલતભાઈ પટેલ, બંસી મંગુભાઈ હળપતિ, સતિષ પ્રતાપભાઈ જોગી, પ્રવીણ મગનભાઈ પટેલ (તમામ રહે., કિલ્લા પારડી, દમણીઝાંપા)ને ઝડપી પાડ્યા હતા. જ્યારે અરુણ અશોકભાઈ જોગી અને મામો નામનો ઈસમ ફરાર થઈ ગયા હતાં. પોલીસે કુલ રૂ.92,800નો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી છે.

### નવસારીના ભેસતખાડામાં જુગાર રમતા પાંચ ઝડપાયા



નવસારીઃ નવસારી શહેરના પર નવસારી ટાઉન પોલીસે બાતમીના આધારે ભેસતખાડા વિસ્તારમાં જાહેરમાં ચાલતા જુગારધામ પર દરોડા પાડી કિરણભાઈ છનાભાઈ ઢીમ્મર, ઠાકોરભાઈ ડાહ્યાભાઈ ઢીમ્મર, કમલેશભાઈ ડાહ્યાભાઈ ઢીમ્મર, જયેશભાઈ શાંતિલાલ ઢીમ્મર અને યોગેશભાઈ ડાહ્યાભાઈ ઢીમ્મર (તમામ રહે., ભેસતખાડા માછીવાડ, નવસારી)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે અંગઝડતીમાંથી રૂ.6,890 અને જુગારના દાવ પરથી રૂ.3,490 મળી કુલ રૂ. 10,380 રોકડા કબજે કર્યાં હતાં.

### એડ્વોકેટ પી.ડી. પટેલ 'બાર કાઉન્સિલ ઓફ ગુજરાત'ના ચેરમેન બનતા સન્માન સમારોહ યોજાયો




અમૃત પટેલ

પારડીઃ વલસાડના પનોતા પુત્ર અને જાણીતા ધારાશાસ્ત્રી એડવોકેટ પી.ડી. પટેલની 'બાર કાઉન્સિલ ઓફ ગુજરાત'ના ચેરમેન તરીકે વરણી થતાં વલસાડ જિલ્લાના તમામ બાર એસોસિએશનો પારડી, વલસાડ, વાપી, ધરમપુર, કપરાડા અને ઉમરગામના સંયુક્ત ઉપક્રમે ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પારડી બાર એસોસિએશનના પ્રમુખ ભરતભાઈ એમ. પટેલ દ્વારા જજ, હોદ્દેદારો, વકીલ મિત્રોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ચેરમેન એડવોકેટ પી.ડી. પટેલ, વલસાડના પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ પી. જે. તમાકુવાલા, એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ એચ. જી. પંડ્યા, સેક્રેટરી DLSA એ. કે. સિંહ, ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જે. એ. દવે, આર. એમ. બારોટ, એમ. ડી. સેતા, પ્રીતિ સાગર, પી. આર. ધનખર, ડી. ડી. પંડ્યા, આઈ. એ. શેખ, સી. વી. લીંબાચીયા સહિત તમામ તાલુકા બાર એસો.ના પ્રમુખો, હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં વકીલ મિત્રો હાજર રહ્યા હતાં.

### એથર ઇન્ડસ્ટ્રિઝ દ્વારા ચિંચલી ખાતે 'આદર્શ માધ્યમિક શાળા'નું લોકાર્પણ



ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લાના ચિંચલી ગામ ખાતે આદિવાસી બાળકોના શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્ય માટે એથર ઇન્ડસ્ટ્રીઝ લિ., સુરત દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ 'આદર્શ માધ્યમિક શાળા'નું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું આજે લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે એથર ઇન્ડસ્ટ્રીઝના દિપકભાઈ મહેતા અને તેમના પરિવારે નવનિર્મિત શાળામાં પૂજા-અર્ચના કરી, કુંભઘડો મૂકીને શાળાને વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મૂકી હતી. આ પવિત્ર કાર્ય બદલ શાળાના સંચાલક મંડળ, આચાર્ય, કર્મચારીઓ, છાત્રાલય પરિવાર તેમજ વિદ્યાર્થીઓ દ્વારા પૂર્ણિમાબેન દેસાઇ, અશ્વિનભાઇ દેસાઇ, દિપકભાઈ મહેતા તથા એથર ઇન્ડસ્ટ્રીઝ લિ.સુરત પરિવારનો આભાર વ્યક્ત કરાયો હતો.

### રાજ્ય કક્ષાની U-17 ખો-ખો સ્પર્ધામાં ડાંગ જિલ્લાની ટીમને ગોલ્ડ મેડલ



સાપુતારાઃ સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઇન્ડિયા સ્પર્ધા ૨૦૨૬-૨૭ અંતર્ગત આણંદ જિલ્લાના ધર્મજ ખાતે યોજાયેલા રાજ્યકક્ષાની અંડર-૧૭ ભાઈઓની ખો-ખો સ્પર્ધામાં ડાંગ જિલ્લાની ટીમે ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે. આ વિજેતા ટીમમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, બીલીઆંબાના ૧૦ વિદ્યાર્થી અને ગાઢવીના ૨ વિદ્યાર્થીએ પ્રતિનિધિત્વ કર્યું હતું. જેમાં અંકિત ગામીત, કૌશિક નિકુળ્યા, પિંકેશ ઠેંગળ, સંતોષ ચોર્યા, ઉદ્ધવ દેશમુખ, સંતોષ દેશમુખ, બિન્યામિન ગામીત, ઇશાક ગામીત, રાઘવ વસાવા, વિરુ પવાર, આયુષ ભોયે અને યશ અલબાડ આ વિદ્યાર્થીઓની જીત બદલ શાળાના આચાર્ય રાજેશભાઈ ગામીત તથા શાળા પરિવારે ખેલાડીઓને બિરદાવ્યા હતા. આ સાથે જિલ્લા શિક્ષણાધિકારી જીગ્નેશકુમાર ત્રિવેદી તેમજ જિલ્લા રમત ગમત વિકાસ અધિકારી અલ્કેશભાઈ પટેલે વિજેતા ખેલાડીઓ અને ટીમના કોચને અભિનંદન પાઠવ્યા હતા.

## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે, જિલ્લો નવસારી તાલુકો નવસારીના મોજે-નવસારી શહેરમાં આશાબાગ નામે ઓળખાતા વિસ્તારમાં આવેલ મૂળ રેવન્યુ સર્વે નં. ૨૫૪ પૈકી અને ૨૫૫ પૈકી ની **"શ્રી આશાબાગ કો.ઓ.હા.સો.લી."** વાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૫૬** જેનો સીટી સર્વે ટીકા નં. ૬૮ નો સીટી સર્વે નં. ૪૨૪૪, સત્તાપ્રકાર "સી" થી નોંધાયેલ છે. સદરહું મિલકત ચેતના રવિ પટેલ ના સ્વતંત્ર/સંયુક્ત માલિકીની ચાલી આવેલ છે. સદર જમીન તેમની પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. સબબ સદર જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા નો કોઈપણ હકક, દરદાવો ગણોત હકક કે લેણુ, બોજા અન્ય કોઈપણ પ્રકારના હકક, હિત, અધિકાર હોય તો તેમણે આજદિનથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત રૂબરૂમાં જાણ કરવી, અન્યથા મુદત વિત્યે હમારા અસીલ કાયદેસરનો વેચાણ અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર ચાલશે નહીં જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

તા. ૧૨-૧૦-૨૦૨૬

મારી મારફત, દિપાલી આર. પટેલ (એડવોકેટ)

૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101